# કચ્છ જીલ્લામાં વિદ્યાસહાયકની સ્પેશિયલ ભરતી (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૫ ના ઉમેદવારો માટે અગત્યની સૂચના

---

- કચ્છ જીલ્લામાં વિદ્યાસહાયકની સ્પેશિયલ ભરતી (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૫ ના ઉમેદવારો કે જેઓની કોઈ પણ લાયકાતનું ઓનલાઈન પરિણામ જાહેર થયેલ હોય અને હાલ પરિણામની અસલ પ્રત યુનિવર્સિટી તરફથી મળેલ ન હોય તેવા ઉમેદવારો પોતાની તે લાયકાતના ગુણ ઓનલાઈન આવેલ પરિણામ પર યુનિવર્સિટીના અધિકૃત અધિકારીશ્રીના સહી સિક્કા કરાવી ફોર્મ ભરવાની અંતિમ તારીખ એટલે કે તા.૨૧/૦૫/૨૦૨૫ સુધીમાં અરજી પત્રકમાં જોડી શકશે.
- વધુમાં જે ઉમેદવારોએ પોતાનું અરજી ફોર્મ જિલ્લા સ્વીકાર કેન્દ્ર ખાતે જમા કરાવેલ હોય અને ત્યારબાદ કોઈ લાયકાતનું પરિણામ આવેલ હોય તો તેઓએ પોતે જે જિલ્લામાં અરજી ફોર્મ જમા કરાવેલ છે તે સ્વીકાર કેન્દ્ર ઉપર જઈ પોતાનું અરજી ફોર્મ અનલોક કરાવી ઉપર જણાવ્યા મુજબ યુનિવર્સિટીના અધિકૃત અધિકારીશ્રીના સહી સિકા કરાવી પુનઃ જિલ્લા સ્વીકાર કેન્દ્ર ખાતે ચકાસણી કરાવી ફોર્મ ભરવાની અંતિમ તારીખ એટલે કે તા.૨૧/૦૫/૨૦૨૫ સુધીમાં જિલ્લા સ્વીકાર કેન્દ્ર ઉપર જમા કરાવવાનું રહેશે. જો આવુ અનલોક કરેલ અરજી ફોર્મ ઉમેદવાર પુનઃ જમા નહી કરાવે તો તેઓનું અરજી પત્ર આગળની ભરતી પ્રક્રિયામાં ધ્યાને લેવામાં આવશે નહી અને તે અંગેની સઘળી જવાબદારી ઉમેદવારની રહેશે. તેમજ આ અંગે કોઈ પણ જાતની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.